


श्री अमितगति आचार्य-रचित

# સામાયિક-પાઠ (સાર્થ)

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ નં. ૨૭

ૐ

શ્રી અમિતગતિ આચાર્ય-રચિત

# સામાયિક-પાઠ (સાર્થ)

卐

: સંપાદક :
દોશી રામજી માણેકચંદ
સોનગઢ-કાઠિયાવાડ

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# સામાયિક-પાઠ

## મંગલાચરણ

नमोकार मंत्र

णमो अरहंताणं, णमो सिद्धाणं, णमो आयरियाणं,
णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं॥

અર્થ :- અરિહંતોને નમસ્કાર હો, સિદ્ધોને નમસ્કાર હો, આચાર્યોને નમસ્કાર હો, ઉપાધ્યાયોને નમસ્કાર હો (અને) લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર હો.*

**સામાયિક કરનાર સમ્યગ્દષ્ટિ જીવની ભાવનાનું સ્વરૂપ**

**સર્વ જીવ પ્રત્યે સદ્ભાવના :**

सत्त्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्।
माध्यस्थभावं विपीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव!॥१॥

**અન્વયાર્થ** :–[देव!] હે જિનેન્દ્ર દેવ! [मम] મારો [आत्मा] આત્મા [सत्त्वेषु] પ્રાણીઓ પ્રત્યે [मैत्री] નિર્વૈરબુદ્ધિ, [गुणिषु] ગુણી જીવો પ્રત્યે [प्रमोदं] પ્રમોદભાવ, [क्लिष्टेषुजीवेषु] દુઃખી જીવો પ્રત્યે [कृपापरत्वम्] કરુણાભાવ (અને)

★ આ પંચ પરમેષ્ઠીનું વિશેષ સ્વરૂપ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથના પાના નં. ૨ થી પાન નં. ૬ સુધીમાં છે. ત્યાંથી જિજ્ઞાસુઓએ વાંચી મનન કરવું.

[विपरीतवृत्तौ] વિપરીત વૃત્તિવાળા જીવો પ્રત્યે [माध्यस्थभावं] માધ્યસ્થભાવ [सदा] નિરંતર [विदधातु] ધારણ કરો.

### વિશેષાર્થ

૧. સામાયિક વ્રત પાંચમા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિ જીવોનું એક વ્રત છે. તે શુભ ભાવ છે. જેઓને પોતાના આત્મસ્વરૂપનું ભાન ન હોય તેઓને સાચું સામાયિકવ્રત હોતું જ નથી.

૨. જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્મસ્વરૂપમાં સ્થિરતા ધારણ કરી શકતા નથી ત્યારે તેઓ આ શ્લોકમાં કહેલ ચાર પ્રકારની શુભ ભાવના ભાવે છે. તે સમજે છે કે આ ભાવનામાં જે શુભ રાગ છે, તે ધર્મ નથી પણ દોષ છે ને તે બંધનું કારણ છે; પણ **તે જ સમયે સમ્યગ્દર્શન-જ્ઞાનની જે દઢતા થાય છે, અશુભ રાગ થતો નથી અને શુભ રાગના સ્વામિત્વનો નકાર વર્તે છે, તે ધર્મ છે.**

૩. **મૈત્રીનો અર્થ નિર્વૈરબુદ્ધિ છે.** આ ભાવના પોતાના હિત માટે છે, કેમકે તે વડે પોતાનો તીવ્ર કષાય ટળે છે. કોઈ પણ પ્રત્યે વૈરભાવ રાખવો તે પોતાનું જ અહિત છે. એક જીવ, પરજીવનું હિત કે અહિત કરી શકતો જ નથી એ લક્ષમાં રાખવું અને તેથી એક જીવ, બીજા જીવનો મિત્ર થઈ શકતો નથી, પણ નિર્વૈરબુદ્ધિ રાખી શકે છે; માટે મૈત્રીનો અર્થ નિર્વૈરબુદ્ધિ સમજવો.



૪. **ગુણી જીવો પ્રત્યે પ્રમોદભાવ** - સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્ર ધારણ કરનારા સાચા ગુણીજન છે. સમ્યગ્દર્શન જેને ન હોય તે સાચા ગુણી નથી; આત્મજ્ઞાની પુરુષો જ ખરા ગુણી છે. બાહ્ય ત્યાગ હોય પણ આત્મજ્ઞાનરૂપ અંતર્ભેદ ન હોય તો તેવા જીવો ગુણી નથી. **ધર્મમાં વ્યક્તિ-પૂજાને સ્થાન નથી પણ ગુણ-પૂજાને જ સ્થાન છે,** એમ આ ભાવના સૂચવે છે. ગુણીજનો પ્રત્યેનો પ્રમોદભાવ તે ખરેખર પોતાના ગુણો વધારવા માટેનો ભાવ છે. જે આત્માઓને સમ્યગ્દર્શનની રુચિ હોય તેમને ગુણીજનો પ્રત્યે ખરી પ્રમોદભાવના હોય છે. 'પ્રમોદ' સમ્યક્ ગુણોનું બહુમાન સૂચવે છે.

૫. **દુઃખી જીવો પ્રત્યે કરુણા-** દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ એટલે કે પોતાના સ્વરૂપની ભ્રમણા છે. જ્યાં સુધી તે મિથ્યાત્વને જીવ ટાળે નહિ ત્યાં સુધી જીવનું દુઃખ કદી ટળે નહિ. **સુખનું મૂળ સમ્યગ્દર્શન છે.** જે જીવોને સમ્યગ્દર્શન હોય છે તેઓને દુઃખી [મિથ્યાદૃષ્ટિ] જીવો પ્રત્યે યથાર્થ કરુણા હોય છે. આ કરુણાભાવ જીવ પોતાના હિત માટે કરે છે. એક જીવ કોઈ પણ પરજીવની કરુણા કરી શકતો નથી, પણ પોતાના ભાવ સુધારી શકે છે. વળી આટલા માટે જ અરિહંતપ્રભુ અને સિદ્ધભગવાનને 'કરુણાસાગર' કહેવાય છે. પોતાની કરુણા કરતાં બીજા જીવોને દુઃખ દેવાનો ભાવ થતો નથી, તે દુઃખી જીવો સંબંધી કરુણા છે.

૬. **વિપરીત વૃત્તિવાળા જીવો પ્રત્યે મધ્યસ્થતા** - જે

જીવોને સમ્યગ્દર્શન પ્રત્યે તદ્દન અરુચિ છે, મિથ્યાદર્શન દૃઢપણે સેવે છે તથા સમ્યગ્દર્શનરૂપ આત્મકલ્યાણનો બોધ સાંભળી ચિડાય છે તે જીવો વિપરીત વૃત્તિવાળા છે; એવા જીવો તીવ્ર રાગ-દ્વેષવાળા હોય છે. તે જીવોને જોઇ દ્વેષભાવ ન આવે પણ પોતાને માધ્યસ્થભાવ રહે, એમ અહીં સમ્યગ્દૃષ્ટિ–ભાવના કરે છે.

૭. **સદા** - આ શબ્દ એમ સૂચવે છે કે ગાથામાં કહેલા ભાવોથી વિરુદ્ધ ભાવો [અશુભ ભાવો] મને કદી ન હો. આ ભાવો શુભ રાગ છે અને શુભ રાગ તે વિકારી ભાવ હોવાથી હમેશાં એવા ને એવા ટકી શકે નહિ; માટે તે ટળીને મને શુદ્ધ ભાવ પ્રગટો એવી અહીં જ્ઞાનીની ભાવના છે. મિથ્યાદૃષ્ટિ જીવને શુભભાવ ટળીને અશુભ ભાવ નિયમથી થાય છે; કેમકે શુભભાવ તે વિકાર છે ને તે બદલાયા વિના રહે નહિ, તેથી મિથ્યાદૃષ્ટિને થયેલ શુભભાવ અલ્પકાળમાં ટળીને અશુભ ભાવ થયા વિના રહેતા નથી.

૮. આ જીવ પરનું કાંઇ કરી શકતો નથી; જીવે પોતે પોતાના ભાવ કેવા કરવા તે આમાં કહ્યાં છે. શ્રી મોક્ષશાસ્ત્ર [तत्त्वार्थसूत्र]ના સાતમા અધ્યાયમાં શુભાસ્રવનું વર્ણન કરતાં અગિયારમા સૂત્રમાં 'मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि च सत्त्वगुणाधिकक्लिश्यमानाविनयेषु - સત્ત્વ, ગુણાધિક, ક્લિશ્યમાન - દુઃખી અને અવિનયી [ઉદ્ધતપ્રકૃતિ - ધારક - મિથ્યાદૃષ્ટિ] — એ જીવો પ્રત્યે અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવના ભાવવી' એમ કહેલ છે. તે નિરંતર ચિંતવવા યોગ્ય છે, એમ પણ કહેલ છે.



૯. સમ્યગ્દૃષ્ટિ જીવો જ્યારે પોતાના સ્વરૂપમાં સ્થિર ટકી શકે નહિ ત્યારે તેમનું લક્ષ પર તરફ જાય છે અને તેમ થતાં પોતામાં અશુભ ભાવો ન થવા દેવા માટે કેવા ભાવોની ભાવના કરે છે તે આ શ્લોકમાં કહ્યાં છે. તે ભાવોમાં પરજીવો તો નિમિત્તમાત્ર છે. પરજીવોનું કાંઇ કરવાનું કહેલ છે એવો આ શ્લોકનો અર્થ કરવો તે ન્યાયવિરુદ્ધ છે; કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. જ્ઞાની જીવ સરાગદશામાં પોતાનું લક્ષ પર તરફ જતાં કેવી ભાવના કરે છે તે જ આ શ્લોકમાં જણાવ્યું છે. ૧.

### સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વ તરફ વળે ત્યારે તેમનું ચિંતવન કેવું હોય? :

शरीरतः कर्तुमनन्तशक्तिं, विभिन्नमात्मानमपास्तदोषम्।
जिनेन्द्र! कोषादिव खड्गयष्टिं, तव प्रसादेन ममास्तु शक्तिः॥२॥

**અન્વયાર્થ** :- [जिनेन्द्र!] હે જિનેન્દ્રદેવ! [अनन्तशक्तिं] અનંતશકિતયુકત [अपास्तदोषम्] દોષરહિત-પરિપૂર્ણ [आत्मानम्] આત્માને [कोषादिव खड्गयष्टिं] મ્યાનથી જુદી તલવારની જેમ [शरीरतः] શરીરથી [विभिन्नम्] તદ્દન જુદો [कर्तुम्] કરવાની-અનુભવવાની [शक्तिं] શકિત-તાકાત [तव] આપની [प्रसादेन] કૃપા વડે [मम] મને [अस्तु] હો–પ્રાપ્ત થાઓ.

## વિશેષાર્થ

૧. આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને શરીર જડ છે; જોકે તેઓ એક ક્ષેત્રે કહ્યાં છે તોપણ જુદાં છે. જો તેઓ ખરેખર જુદાં ન હોય તો કદી પણ જુદાં થઈ શકે નહિ. જેમ તલવાર મ્યાનથી જુદી જ છે તેથી તેને મ્યાનમાંથી જુદી પાડી શકાય છે, તેમ આત્મા શરીરથી જુદો હોવાથી આત્માના જ્ઞાનબળ વડે બન્નેનું સ્વરૂપ જાણીને જીવને શરીરથી જુદો કરી શકાય છે. અહીં તે જ્ઞાનબળ પ્રગટ કરવાની ભાવના છે.

૨. શરીર અનંત પુદ્‌ગલ–પરમાણુઓનો પિંડ છે, તે અચેતન છે. આત્મા તેનું કાંઈ કરી શકે નહિ. જીવ અને શરીર તદ્દન જુદાં પદાર્થો છે એમ જે ન સમજે તેને ધર્મની શરૂઆત થઈ શકે નહિ. દ્રવ્યે, ક્ષેત્રે, કાળે અને ભાવે જુદા પદાર્થો એક-બીજાનું કાંઈ કરી શકે નહિ. શરીરનું હું કાંઈ કરી શકું કે શરીરની ક્રિયા કરવાથી સામાયિક વગેરે થાય એમ જે માને છે તેણે જીવને અને શરીરને જુદાં જ માન્યાં નથી; તેથી તે જીવને ધર્મ કે સામાયિક હોઈ શકે નહિ અને તેને જીવ અને શરીરની વિભિન્નતા કદી થાય નહિ. શરીરનો દરેક રજકણ સ્વતંત્ર દ્રવ્ય છે અને જીવ પણ સ્વતંત્ર દ્રવ્ય છે, તેથી જીવ શરીરનું કાંઈ કરી શકે નહિ. રજકણો જીવનું કાંઈ કરી શકે નહિ અને એક રજકણ બીજા રજકણનું કાંઈ કરી શકે નહિ. કોઈ પણ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાભ-નુકસાન કરી શકતું નથી.



૩. વાટે જતા જીવો શિવાયના દરેક સંસારી જીવને મુખ્યપણે ત્રણ શરીર હોય છે. મનુષ્યોને કાર્મણ, તૈજસ અને ઔદારિક–એ ત્રણ શરીર હોય છે. કોઈ લબ્ધિધારી મુનિને ચોથું આહારક શરીર હોય છે. આ શરીરોમાંથી કોઈ પણ શરીર જીવને કાંઈ લાભ કે નુકસાન કરતું જ નથી; કેમ કે તે જીવથી જુદું જ દ્રવ્ય છે–આવું સાચું જ્ઞાન પ્રથમ કરવાની જરૂર છે. આવું જ્ઞાન કર્યા વગર જીવનો પુરુષાર્થ કદી પોતાના તરફ વળે જ નહિ, અને પરસંયોગ તરફ જ વલણ રહ્યા કરે; તેથી તેને આત્મભાવના જાગે નહિ. માટે શરીર વગેરે પર પદાર્થો તરફથી લક્ષ ખેંચી લઈ, શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના આત્મા તરફ વલણ કરવાના અભ્યાસરૂપ આ ભાવના છે.

૪. **આપના પ્રસાદથી**–આ શબ્દો એમ સૂચવે છે, કે જીવ સમ્યગ્દર્શન પામે છે તેમાં વીતરાગી–ઉપદેશ નિમિત્ત હોય છે; અજ્ઞાનીનો ઉપદેશ તેમાં નિમિત્ત કદી હોય જ નહિ. વીતરાગી પુરુષ કે વીતરાગી–ઉપદેશ આત્માનું સ્વરૂપ સમજવામાં કાંઈ મદદ કે કૃપા કરે છે, એમ માનવું તે અયથાર્થ છે. વીતરાગી પુરુષ અને તેનો ઉપદેશ બન્ને પરદ્રવ્ય છે તેથી તે આત્માને લાભ કરી શકે નહિ. પણ સમ્યગ્દર્શન પામવામાં વીતરાગી–ઉપદેશ જ નિમિત્ત હોઈ શકે એવું જ્ઞાન કરાવવા અને સમ્યગ્દૃષ્ટિને રાગ હોય ત્યાં સુધી વીતરાગ પ્રભુનું બહુમાન વર્તે છે, એટલું બતાવવા માટે આ શ્લોકમાં 'तव प्रसादेन–આપના પ્રસાદથી – કૃપાથી ' એવું પદ વપરાયેલું છે. ૨.

## સમ્યગ્દૃષ્ટિ જીવની બહારના સંયોગ-વિયોગ પ્રત્યેની ભાવના :

दुःखे सुखे वैरिणि बन्धुवर्गे, योगे वियोगे भुवने वने वा।
निराकृताशेषममत्वबुद्धेः समं मनो मेऽस्तु सदापि नाथ॥३॥

**અન્વયાર્થ** :–[नाथ!] હે નાથ! [दुःखे-सुखे] દુઃખમાં-અગવડમાં, (કે) સુખમાં [वैरिणि-बन्धुवर्गे] વૈરી પ્રત્યે કે બંધુવર્ગ તરફ, [योगे-वियोगे] સંયોગમાં કે વિયોગમાં (અને) [भवने वा वने] ઘરમાં કે જંગલમાં [निराकृत-अशेष-ममत्वबुद्धेः] સંપૂર્ણ મમત્વબુદ્ધિ દૂર કરીને [मे] મારું [मनः] મન [सदाअपि] સદાય [समं] સમભાવી [अस्तु] હો – રહો.

### વિશેષાર્થ

૧. લોકો બાહ્ય સગવડને સુખ અને બાહ્ય અગવડને દુઃખ માને છે. આત્મજ્ઞાની એમ માને છે કે શરીર વગેરે બીજા કોઈ પરપદાર્થો જીવને સગવડ–અગવડ કે સુખ-દુઃખ આપતા નથી; માત્ર કલ્પના કરીને તેમાં સગવડ-અગવડનો આરોપ અજ્ઞાની જીવ કરે છે. જ્ઞાની તો પોતાના શુદ્ધભાવને સુખ–સગવડરૂપ માને છે અને શુભ-અશુભ ભાવોને દુઃખ-અગવડરૂપ માને છે. કોઈ પણ પર જીવ આ આત્માનો શત્રુ કે મિત્ર છે જ નહિ; માત્ર પોતાના શુદ્ધ ભાવ તે મિત્ર અને અશુદ્ધ-શુભાશુભ ભાવ તે વૈરી છે. જડ-ચેતનનો સંયોગ કે વિયોગ તે તો જ્ઞેયમાત્ર છે. ખરી રીતે તો કોઈ જડ-ચેતનનો સંયોગ - વિયોગ થતો નથી; કેમકે દરેક દ્રવ્ય પોતપોતાના (સ્વ) ક્ષેત્રમાં જ રહે છે. તે દ્રવ્યો સ્વયં પોતાના કારણે આકાશક્ષેત્ર બદલાવે છે અને એ રીતે પરદ્રવ્યનું ક્ષેત્ર બદલાવાથી આ જીવને કાંઈ લાભ - નુકસાન થતું નથી. પોતેપોતાના સ્વભાવમાં જોડાઈ રહે એટલે કે શુદ્ધ ભાવ (એકાકારરૂપ) પ્રગટ કરે અને પોતાનામાંથી અશુદ્ધ ભાવોનો વિયોગ કરે એ જ જીવને લાભનું કારણ છે; અહીં એ જ ભાવના છે. ઘર હો કે જંગલ હો તે બન્ને પરવસ્તુ છે; તે કોઈ જીવને લાભ–નુકસાન કરતા નથી, એમ જ્ઞાની જાણે છે.



૨. વસ્તુ–સ્વરૂપની સાચી માન્યતા થયા પછી સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપર મુજબની ભાવના કરે છે. સાધક-દશામાં તેનો રાગ ક્રમે–ક્રમે ટળે છે; જ્યાં સુધી રાગ રહે છે ત્યાં સુધી પર તરફ લક્ષ જાય છે. તેથી તે રાગ તોડીને, લક્ષને સ્વ તરફ વાળીને, નિર્વિકલ્પ રાગરહિત દશા પ્રગટ કરવાની આ ભાવના છે; આમાં સદાય માટે વીતરાગતાની ભાવના કરી છે.

૩. આ શ્લોકમાં 'અશેષ' શબ્દ વાપર્યો છે તે એમ સૂચવે છે, કે અભિપ્રાયમાંથી તો પરદ્રવ્ય સંબંધી સંપૂર્ણ મમત્વબુદ્ધિ ટળી ગઈ છે પણ ચારિત્રમાં કાંઈક અંશે મમત્વ રહ્યું છે તે ટળી જાઓ, એવી ભાવના અહીં કરી છે.

૪. આ શ્લોકમાં ' सदापि – સદાય ' શબ્દ વાપર્યો છે તેનો અર્થ પહેલા શ્લોકની ટીકામાં જણાવ્યો છે, તે મુજબ અહીં સમજવો. ૩.

## મારું લક્ષ સદાય જ્ઞાન તરફ જ રહો એવી ભાવના :

मुनीश! लीनाविव कीलिताविव, स्थिरौ निषाताविव बिम्बिताविव।
पादौ त्वदीयौ मम तिष्ठतां सदा, तमो धुनानौ हृदि दीपकाविव॥४॥

**અન્વયાર્થ** :- [मुनीश!] હે મુનિઓના સ્વામી- જિનેશ! [त्वदीयौ पादौ] આપનાં બન્ને ચરણકમળ [मम] મારા [हृदि] હૃદયમાં [सदा] હંમેશા (એવી રીતે) [तिष्ठताम्] રહો કે [लीनौ इव] જાણે લીન થયાં હોય, [कीलितौ इव] ખીલા માફક જાણે જડાઈ ગયાં હોય, [स्थिरौ इव] જાણે સ્થિર થઈ ગયાં હોય, [निषातौ इव] જાણે બેસાડી દીધાં હોય, [बिम्बितौ इव] જાણે બિંબ સમાન બની ગયાં હોય, [तमो धुनानौ] જાણે મોહ-અંધકારને દૂર કરવામાં લાયક [दीपकौ इव] દીપકસમાન બની ગયાં હોય!

### વિશેષાર્થ

૧. આ શ્લોકમાં પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાકારપણે લીન થવાની ભાવના છે. અહીં જિનેન્દ્રદેવને ઉદ્દેશીને નિમિત્તથી કથન કર્યું છે; કેમ કે સમ્યગ્દષ્ટિને જ્યારે સ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યારે રાગ હોય છે અને તે રાગને લીધે તેનું લક્ષ ભગવાન આદિ ઉપર જાય છે અને તે વખતે વિનયપૂર્વક પોતાના સ્વરૂપ તરફ વળવાની ભાવના કરે છે. ભગવાન તો પરદ્રવ્ય છે, તેથી તેમનાં ચરણકમળ કોઈ બીજા જીવમાં પ્રવેશ કરે, સ્થિર થાય કે એકરૂપ થાય કે દીપક સમાન બની જાય, એમ બને નહિ. પણ સમ્યગ્દષ્ટિ જીવો નિજ સ્વરૂપમાં લીન થવા, સ્થિર થવા, 



સમાઈ જવા કે બિંબરૂપ થવા ઇચ્છે છે, તેથી ભગવાન પ્રત્યેના બહુમાનના કારણે ઉપચારથી કથન કર્યું છે.

૨. સદા લીન થવાની ભાવના અહીં કરી છે તે એમ બતાવે છે, કે જ્ઞાનીને શુભ ભાવ રાખવાની ભાવના નથી, પણ તે છેદીને શુદ્ધ ભાવમાં લીન થવાની ભાવના છે.

૩. આ શ્લોકમાં 'तमः મોહ-અંધકાર' શબ્દ વાપર્યો છે તે એમ સૂચવે છે, કે મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્રરૂપ મોહ ટાળવામાં ભગવાનનું વીતરાગી વિજ્ઞાન જ નિમિત્ત હોઈ શકે; અજ્ઞાનીઓનું જ્ઞાન મિથ્યા હોવાથી ધર્મમાં તે કદી પણ નિમિત્ત હોઈ શકે નહિ.

૪. સર્વજ્ઞ વીતરાગ દેવના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ યથાર્થપણે જે ન જાણે તેનો મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર રૂપ મોહ કદી ટળે નહિ, અને જે યથાર્થપણે જાણે તેનો મોહ ટળ્યા વગર રહે નહિ, એમ આ શ્લોક સૂચવે છે.

૫. લીન, કીલિત, સ્થિર, નિષાત અને બિંબિત – શબ્દો સમ્યક્ ચારિત્રની દૃઢતા કરવાની ભાવના સૂચવે છે. ૪.

## પૂર્વે કરેલ પ્રમાદનું પ્રાયશ્ચિત્ત :

एकेन्द्रियाद्या यदि देव देहिनः प्रमादतः संचरता इतस्ततः।
क्षता विभिन्ना मिलिता निपीडिता तदस्तु मिथ्या दुरनुष्ठितं तदा॥५॥

**અન્વયાર્થ** :- [देव!] હે જિનેન્દ્ર પ્રભુ! [प्रमादतः] પ્રમાદપૂર્વક [इतः] અહીં [ततः] તહીં [संचरता] ફરતાં-હરતાં

થકા [एकेन्द्रियाद्याः] એકેન્દ્રિય આદિ [देहिनः] પ્રાણીઓ [यदि] જો [क्षताः] હણાયા હોય, [विभिन्नाः] શરીરથી ભિન્ન કરાયા હોય, [मिलिताः] એકબીજામાં ભેગા કરાયા હોય (કે) [निपीडिताः] પીડાયા હોય [तदा] તો [तत्] તે [दुःअनुष्ठितं] દુષ્કૃત્ય [मिथ्या] મિથ્યા [अस्तु] હો – થાઓ.

## વિશેષાર્થ

૧. આ શ્લોકમાં 'प्रमादतः – પ્રમાદથી' શબ્દ ઘણો ઉપયોગી છે; કેમ કે પ્રમાદ જ ભાવહિંસા છે અને ભાવહિંસા એ જ દોષ છે. પરજીવનું શરીર છૂટે કે ન છૂટે તેમના કટકા થાય કે ન થાય તે આ જીવને આધીન નથી. આ જીવને આધીન પોતાના ભાવો છે. પોતાના ભાવમાં પ્રમાદ થાય તે જ પોતાનું ભાવમરણ હોવાથી હિંસા છે અને તે દુષ્કૃત્ય હોવાથી તે મિથ્યા થાઓ, એવી ભાવના કરી છે.

૨. પરજીવનું જીવન કે મરણ તેના આયુષ્યને આધીન છે અને તેના આયુષ્ય પ્રમાણે જ જીવનું જીવન-મરણ થાય છે; માટે પરજીવનાં જીવન કે મરણ, સુખ કે દુઃખ વગેરે આ જીવને બંધનાં કારણ નથી, પરંતુ પોતાના વિકારી ભાવ જ બંધનું કારણ છે.

૩. શ્રી જિનેન્દ્રદેવે પ્રરૂપેલ ભાવહિંસાનું સ્વરૂપ જ ખરી હિંસા છે. લોકો જેને હિંસા કહે છે તે હિંસાનું ખરું સ્વરૂપ નથી. જીવ પોતાના ભાવમાં પ્રમાદ સેવે છે તે જ હિંસા છે. જીવની પ્રમાદદશાનું નિમિત્ત પામીને બીજા જીવોને દુઃખ થાય છે અને



તેમના શરીરનો વિયોગ થાય છે તે દ્રવ્યહિંસા છે. બંધનું કારણ ભાવહિંસા જ છે, દ્રવ્યહિંસા નથી. ભાવહિંસા વખતે દ્રવ્યહિંસા થાય તો તેને નિમિત્તકારણ કહેવાય.

૪. જે જીવ આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજે તે જ દુષ્કૃત્ય શું છે તે સમજી શકે. ૫.

### સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી દોષોનું પ્રાયશ્ચિત્ત :

विमुक्तिमार्गप्रतिकूलवर्तिना, मया कषायाक्षवशेन दुर्धिया।
चारित्रशुद्धेर्यदकारि लोपनं, तदस्तु मिथ्या मम दुष्कृतं प्रभो॥६॥

**અન્વયાર્થ** :- [प्रभो!] હે પ્રભુ! [विमुक्तिमार्गप्रतिकूल-वर्तिना] મોક્ષમાર્ગથી પ્રતિકૂલ વર્તન કરનાર [मया] મારા વડે [दुर्धिया] દુર્બુદ્ધિથી [कषाय–अक्षवशेन] કષાય અને ઇન્દ્રિયને વશ થઈ [चारित्रशुद्धेः] ચારિત્ર–શુદ્ધિનું [यद्] જે [अकारि लोपनं] લોપન કરાયું હોય [तद्] તે [मम] મારું [दुष्कृतं] દુષ્કૃત્ય [मिथ्या] મિથ્યા [अस्तु] હો – થાઓ.

## વિશેષાર્થ

૧. જે જીવ યથાર્થ મોક્ષમાર્ગ સમજે તે જ મોક્ષમાર્ગથી પ્રતિકૂળ શું છે તે સમજી શકે; માટે આત્માર્થીઓએ શુભ રાગને મોક્ષમાર્ગ નહિ માનતાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમજવો જોઈએ.

૨. કષાયનો અર્થ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ થાય છે; માટે અજ્ઞાનદશામાં જે રાગ-દ્વેષ સેવ્યાં હોય તે તથા

સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી જે રાગ-દ્વેષ કર્યાં હોય તે દુષ્કૃત્ય મિથ્યા થાઓ, એવી અહીં ભાવના છે.

૩. પોતે આત્મલક્ષ ચૂકીને ઈન્દ્રિયોને વશ થયો હતો અને તેથી રાગ-દ્વેષાદિ દુષ્કૃત્ય કર્યાં હતાં તેનું અહીં પ્રાયશ્ચિત્ત છે. જડ ઈન્દ્રિયો જીવને કાંઈ ગુણ-દોષ કે લાભ-નુકસાન કરતી નથી, પણ જીવ પોતે તે તરફ વલણ કરે છે તે જ દુષ્કૃત્ય છે. આત્માનું સ્વરૂપ સમજ્યા વિના કોઈ આત્મા સાચો જિતેન્દ્રિય થઈ શકે નહિ; કેમ કે અજ્ઞાની જીવ ઈન્દ્રિયોથી પોતાને દુઃખ થાય છે એમ માને છે તેથી તે ત્યાગ દ્વેષપૂર્વક જ હોય છે, અને તેને દુષ્કૃત્યનો સાચો ત્યાગ હોતો નથી.

૪. શુદ્ધભાવ તે સુકૃત્ય છે; પુણ્ય અને પાપ એ બન્ને ભાવો દુષ્કૃત્ય છે. ૬

**સર્વ પાપોની આલોચના-નિંદા-ગર્હા :**

विनिन्दनालोचनगर्हणैरहं, मनोवचःकायकषायनिर्मितम्।
निहन्मि पापं भवदुःखकारणं, भिषग्विषं मन्त्रगुणैरिवाखिलम् ॥७॥

**અન્વયાર્થ :-** [भिषग्] વૈદ્ય [मंत्रगुणैः] મંત્રગુણો વડે [विषं] વિષ (દૂર કરે છે તે) [इव] માફક [अहम्] હું [भवदुःखकारणम्] ભવદુઃખના કારણરૂપ [मनःवचःकायकषाय-निर्मितम्] મન, વચન અને કાયના નિમિત્તે કષાય દ્વારા ઉત્પન્ન કરેલા [अखिलं] સમસ્ત [पापं] પાપને [विनिन्दन-आलोचन-गर्हणैः] વિશેષ નિંદા, આલોચના અને ગર્હણા વડે [निहन्मि] નષ્ટ કરું છું.



**વિશેષાર્થ**

૧. મન, વચન અને કાયા પુદ્ગલપિંડ છે; તેઓ જીવને કાંઈ લાભ કે નુકસાન કરતાં નથી. પણ જ્યારે જીવ પોતે પોતાના દોષના કારણે તે તરફ લક્ષ કરે છે/ત્યારે પોતાનામાં વિકાર થાય છે. પર-લક્ષ વિના વિકાર થાય નહિ; જ્યારે વિકાર કરે ત્યારે ક્યાંક પર ઉપર લક્ષ હોય જ છે. વિકાર વખતે જીવે કઈ પર વસ્તુ ઉપર લક્ષ કર્યું તેનું જ્ઞાન કરાવવા માટે મન, વચન કે કાયા વડે વિકાર કર્યો એમ કહેવાય છે. આ કથન વ્યવહારનું છે. વ્યવહાર-કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કરવામાં આવે છે. મન, વચન, કાય તો નિમિત્તમાત્ર છે; તેમના કારણે વિકાર થતો નથી.

૨. કષાયનો અર્થ છઠ્ઠા શ્લોકમાં કહેવામાં આવ્યો છે. મિથ્યાત્વ તે ઉત્કૃષ્ટ પાપ છે, કેમ કે તે અપરિમિત મોહ છે. ચારિત્રનો દોષ [રાગ-દ્વેષ] તો પરિમિત મોહ છે. અજ્ઞાનીના કષાયમાં મિથ્યાત્વનો સમાવેશ થઈ જાય છે.

૩. આ શ્લોકમાં આપેલ વૈદ્યનું દૃષ્ટાન્ત ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે. સમ્યગ્દર્શન જ વિકાર – રોગને ટાળવા માટે પ્રથમ મંત્ર (ગુણ) છે. અને સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વકનું ચારિત્ર તે વિકારનો સર્વથા નાશ કરવાનો બીજો મંત્ર છે. આ સિવાય બીજો કોઈ ઉપાય જીવના વિકાર ટાળવા સમર્થ નથી.

૪. નિંદા - આત્મસાક્ષીએ પોતાના દોષોને પ્રકટ કરવા; આલોચના – પોતામાં લાગેલા દોષોને જોઈ જવા; ગર્હણા -

પંચપરમેષ્ઠી કે ગુરુની સાક્ષીએ પોતાના દોષો પ્રકટ કરવા.

૫. ભવદુ:ખના કારણરૂપ મહાપાપ તે મિથ્યાદર્શન છે; તે ટાળીને, ચારિત્રમાં સ્થિરતા કરી, રાગરૂપ મોહ ટાળવાની અહીં ભાવના છે. કેમ કે રાગના ક્ષય વિના સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રકટે નહિ અને તે પ્રકટયા વિના ભવનો આત્યંતિક નાશ થાય નહિ. ૭.

## અતિક્રમ વગેરે દોષોનું પ્રતિક્રમણ :

अतिक्रमं यद्विमतेर्व्यतिक्रमं, जिनातिचारं सुचरित्रकर्म्मणः।
व्यधादनाचारमपि प्रमादतः प्रतिक्रमं तस्य करोमि शुद्धये॥८॥

**અન્વયાર્થ** :- [जिन] હે જિનેશ્વર દેવ! [विमतेः प्रमादतः] વિમતિના પ્રમાદ દ્વારા [सुचरित्रकर्म्मणः] સમ્યક્ચારિત્રક્રિયાના [व्यधात्] ભંગથી [यत्] જે [अतिक्रमं] અતિક્રમ, [व्यतिक्रमं] વ્યતિક્રમ, [अतिचारं] અતિચાર, [अनाचारम्] અનાચાર [अपि] પણ (કર્યા હોય) [तस्य] તેની [शुद्धये] શુદ્ધિ અર્થે [प्रतिक्रमं] પ્રતિક્રમણ [करोमि] કરું છું.

## વિશેષાર્થ

૧. સમ્યગ્દષ્ટિ જીવને જ સાચું સામાયિક હોય છે; આ શ્લોકમાં જણાવેલ પ્રતિક્રમણની ભાવના સમ્યગ્દષ્ટિની છે. મુમુક્ષુ જીવોએ પ્રથમ આત્મભાન વડે મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરવું જોઈએ, એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. **સમ્યગ્દર્શન એ જ મિથ્યાદર્શનરૂપ મહાપાપનું પ્રતિક્રમણ છે.**



ત્યાર પછી સમ્યક્ચારિત્રના દોષો ટાળીને સ્વરૂપમાં સ્થિર રહેવું, તે ચારિત્રના દોષોનું પ્રતિક્રમણ છે.

૨. પ્રતિક્રમણનો અર્થ મિથ્યાત્વ – આદિ દોષ (થી પાછા ફરી તે)નો ત્યાગ કરી નિજસ્વરૂપ પ્રગટ કરવું તે છે. ૮.

## અતિક્રમ આદિ શબ્દોના અર્થ
## હવે પછીના શ્લોકમાં કહ્યા છે :

क्षतिं मनःशुद्धिविधेरतिक्रमं, व्यतिक्रमं शीलवृतेर्विलंधनम्।
प्रभोऽतिचारं विषयेषु वर्तनं, वदन्त्यनाचारमिहातिसक्तताम्॥९॥

**અન્વયાર્થ** : [प्रभो!] હે પ્રભુ! [मनःशुद्धिविधेः] મનઃશુદ્ધિના વિધિની [क्षतिं] ક્ષતિ–વિકારભાવ તે [अतिक्रमं] અતિક્રમ, [शीलवृतेः विलंधनम्] શીલવ્રતોના ઉલ્લંઘનનો ભાવ તે [व्यतिक्रमं] વ્યતિક્રમ, [विषयेषु वर्तनं] વિષયોમાં પ્રવૃત્તિ તે [अतिचारं] અતિચાર (અને) [इह] આ વિષયોમાં [अतिसक्तताम्] અતિ આસકિત તે [अनाचारं] અનાચાર છે– એમ [वदन्ति] (આચર્યદેવો) કહે છે.

## વિશેષાર્થ

આ શ્લોકમાં કહેલ ચારે પ્રકારો અશુભ ભાવ છે. પ્રથમ ત્રણ પ્રકારના દોષો થવા છતાં જીવનો એટલો પુરુષાર્થ ટકી રહે છે, કે સમ્યગ્દર્શન અને વ્રતનો ભંગ થઈ જતો નથી. પણ ચોથો દોષ મોટો છે; તે દોષ લાગતાં જીવના વ્રતમાં ભંગ થાય છે અને જો સત્ય-શ્રદ્ધામાંથી જીવ ખસી જાય તો તે મિથ્યાદષ્ટિ થઈ

જાય છે અને તેથી તેનાં સમ્યગ્દર્શન અને વ્રત બન્ને નષ્ટ થાય છે. ૯.

**વચનના નિમિત્તે જીવે કરેલા દોષોની ક્ષમા :**

यदर्थमात्रापदवाक्यहीनं मया प्रमादाद्यदि किञ्चनोक्तम्।
तन्मे क्षमित्वा विदधातु देवी, सरस्वती केवलबोधलब्धिम्॥१०॥

**અન્વયાર્થ** : [देवी सरस्वती] સરસ્વતી – જિનવાણી દેવી! [यदि] જો [प्रमादात्] પ્રમાદથી [यद्] જે [अर्थमात्रापद-वाक्यहीनं] (જિનવચનોનાં) અર્થ, માત્રા, પદ, વાક્યથી હીન (ઓછું) [किञ्चन] કાંઈપણ [मया] મારાથી [उक्तं] બોલાયું હોય (તો) [तत्] તે [क्षमित्वा] માફ કરીને [मे] મને [केवलबोधलब्धिम्] કેવળજ્ઞાનની પ્રાપ્તિ [विदधातु] ધારણ કરાવો.

**વિશેષાર્થ**

૧. સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત જિનવાણી જ હોય; સમ્યગ્જ્ઞાનનું પ્રથમ નિમિત્ત અજ્ઞાનીની વાણી કદી હોઈ શકે નહીં. સમ્યગ્જ્ઞાની પોતાના શુદ્ધોપયોગમાં સ્થિર રહી શકતા નથી ત્યારે તેઓ જ્ઞાનની વિશેષ નિર્મળતા માટે જિનવાણીનું શ્રવણ, વાંચન અને મનન કરે છે.

કેવળજ્ઞાનને અને સમ્યક્ શ્રુતજ્ઞાનને પણ સરસ્વતી દેવી કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનપૂર્વક કેવળજ્ઞાન થાય છે, તેથી જ્ઞાની સરાગ અવસ્થા ટાળીને પોતાના શુદ્ધોપયોગમાં સ્થિર થઈ કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવના કરે છે, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે.



૨. જિનવાણી પરવસ્તુ છે. તે આત્માને કાંઈ લાભ-નુકસાન કરી શકે નહિ; પણ જીવને જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રથમ થાય ત્યારે જિનવાણી નિમિત્તરૂપ હોય છે એવું જ્ઞાન કરાવવા માટે આ શ્લોકમાં વ્યવહારથી કથન કરાવ્યું છે.

૩. **જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સત્ય મૂર્તિ** છે; તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન છે – કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંત ધર્મયુક્ત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે; તેથી તે સરસ્વતીની મૂર્તિ છે. તદ્-અનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે, તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે. વળી વચનરૂપ દ્રવ્યશ્રુત પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મયુક્ત આત્માને તે બતાવે છે.

આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વો જણાવનાર જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે. સરસ્વતીનાં નામ વાણી, ભારતી, શારદા, વાગ્દેવી, વાગીશ્વરી, વાગ્દેવતા, શંકરી ઈત્યાદિ ઘણાં છે.

૪. લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી. ૧૦.

**જિનવાણીરૂપ સરસ્વતીના નિમિત્તે**
**બોધ–આદિની પ્રાપ્તિ :**

बोधिः समाधिः परिणामशुद्धिः स्वात्मोपलब्धिः शिवसौख्यसिद्धिः।
चिन्तामणिं चिन्तितवस्तुदाने, त्वां वंद्यमानस्य ममास्तु देवि॥११॥

**અન્વયાર્થ :** [देवि! ] હે સરસ્વતી – જિનવાણી દેવી! [चिन्तितवस्तुदाने] ચિંતવેલી વસ્તુનું દાન કરવામાં [चिन्तामणिं] ચિન્તામણિરૂપ એવી [वां वंधमानस्य] તને વંદન કરતાં એવા [मम] મને [बोधिः] રત્નત્રયની પ્રાપ્તિરૂપ ધર્મ, [समाधिः] આત્મલીનતારૂપ સમાધિ, [परिणामशुद्धिः] પરિણામોની શુદ્ધતા, [स्वात्म-उपलब्धिः] નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ (અને) [शिवसौख्यसिद्धिः] મોક્ષસુખની સિદ્ધિ [अस्तु] થાઓ.

## વિશેષાર્થ

૧. આ શ્લોકમાં જિનવાણીનું માહાત્મ્ય વર્ણવ્યું છે અને નિજ સ્વભાવની ભાવના કરી છે. જિનવાણીનું માહાત્મ્ય વ્યવહારનયે છે. નિશ્ચયનયે (ખરી રીતે) આત્માના સમ્યગ્જ્ઞાનનું માહાત્મ્ય છે. જીવ જ્યારે સમ્યગ્દર્શનાદિ પ્રકટ કરે છે ત્યારે જિનવાણી ઉપર નિમિત્ત તરીકેનો આરોપ આવે છે, તેથી જિનવાણી નિમિત્ત કહેવાય છે. મુમુક્ષુઓને રાગ હોય ત્યારે જિનવાણી તરફ લક્ષ જતાં તેનું માહાત્મ્ય આવ્યા વગર રહેતું નથી; પણ પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ તરફ લક્ષ કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે અને ત્યાર પછી ક્રમેક્રમે રાગ ટાળીને જીવ વિશેષ સ્વરૂપલીનતા કરે છે.

૨. **ચિંતવવા લાયક વસ્તુ એક શુદ્ધાત્મા જ છે.** તેનું સ્વરૂપ જિનવાણી દ્વારા જ જાણી શકાય છે, એમ અહીં બતાવ્યું છે.



૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અપ્રાપ્ત હતાં તેની પ્રાપ્તિ તે બોધિ છે. અને તેમનું નિર્વિઘ્નપણે ભવાંતરમાં સાથે લઈ જવું તે સમાધિ છે. ૧૧

**હવે છ ગાથામાં દેવાધિદેવની સ્તુતિ કરવામાં આવે છે**

यः स्मर्यते सर्वमुनीन्द्रवृन्द्रै-र्यः स्तूयते सर्वनरामरेन्द्रैः।
यो गीयते वेदपुराणशास्त्रैः स देवदेवो हृदये ममास्ताम् ॥१२॥

**અન્વયાર્થ :** [यः] જે [सर्वमुनीन्द्रवृन्दैः] સર્વ મુનીશ્વરોના સમૂહો વડે [स्मर्यते] યાદ કરાય છે–સ્મરાય છે, [यः] જે [सर्व-नर-अमर-इन्द्रैः] સર્વ મનુષ્ય, ચક્રવર્તી, દેવ અને ઈન્દ્રો વડે [स्तूयते] સ્તવાય છે, [यः] જે [वेदपुराणशास्त्रैः] દ્વાદશાંગરૂપ વેદ-પુરાણ આદિ શાસ્ત્રો વડે [गीयते ] ગવાય છે, [सः] તે [देवदेव] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજમાન થાઓ.

## વિશેષાર્થ

૧. જે આત્મા નિજસ્વરૂપ સમજે તે જ પરમાત્માનું સત્યસ્વરૂપ સમજી શકે અને તે જ તેમની સ્તુતિ કરી શકે. આ શ્લોકમાં કહેલ સ્તુતિ વ્યવહારનયે છે, એટલે કે તે શુભ રાગરૂપે છે.

૨. પરમાત્માની નિશ્ચયસ્તુતિનું સ્વરૂપ શ્રી સમયસારની ગાથા ૩૧થી ૩૩માં અને તેની ટીકામાં કહ્યાં છે, ત્યાંથી સમજી લેવું.

૩. આત્માના સ્વરૂપનું જેને ભાન હોતું નથી તેને વ્યવહાર-સ્તુતિ પણ હોતી નથી : તેવાઓના શુભભાવ તે વ્યવહારાભાસી સ્તુતિ છે.

૪. 'વેદ'નો અર્થ શાસ્ત્રજ્ઞાન છે. ચાર અનુયોગને વેદ કહેવામાં આવે છે. પ્રથમાનુયોગને પુરાણ કહેવામાં આવે છે. બાકીના ત્રણ [કરણાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ]ના કથનને શાસ્ત્રો કહેવામાં આવે છે. ૧૨

### દેવાધિદેવ-પરમાત્માની સ્તુતિ ચાલુ :

यो दर्शनज्ञानसुखस्वभावः, समस्तसंसारविकारबाह्यः।
समाधिगम्यः परमात्मसंज्ञः, स देवदेवो हृदये ममास्ताम्॥१३॥

**અન્વયાર્થ** :- [यः] જે [दर्शनज्ञानसुखस्वभावः] અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત સુખ–સ્વભાવના ધારક છે, [समस्तसंसारविकारबाह्यः] સમસ્ત સંસારી વિકારી ભાવોથી પર છે; [समाधिगम्यः] અભેદ રત્નત્રયરૂપ નિર્વિકલ્પ સમાધિ દ્વારા ગમ્ય છે, [परमात्मसंज्ञः] 'પરમાત્મા' સંજ્ઞાથી પ્રસિદ્ધ છે, [सः] તે [देवदेवः] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજમાન થાઓ.

### વિશેષાર્થ

આ શ્લોકમાં પોતાના શુદ્ધ, પૂર્ણ સ્વભાવરૂપ પરમાત્માની પ્રાપ્તિની ભાવના છે. જ્યાં ભગવાન બિરાજમાન હોય ત્યાં પાખંડ હોય નહિ. મિથ્યાત્વ મોટામાં મોટું પાખંડ છે; તેને જે



જીવ ટાળે તે જ પોતાના શુદ્ધ પર્યાયો પ્રગટ કરી શકે. ભગવાન તો વીતરાગ છે. પુણ્યભાવ પણ તેમને નથી; તેથી ભગવાનનો ભકત પ્રશસ્ત રાગ અર્થાત્ પુણ્યભાવને ધર્મ કે ધર્મનો સહાયક માને નહિ; તેની દૃષ્ટિમાં રાગનો આદર હોય જ નહિ. સાધક–અવસ્થામાં જીવને રાગ થાય ખરો પણ ભગવાનનો ભકત તેને ધર્મ માનતો નથી. તેથી તે, રાગનો અલ્પકાળમાં નાશ કરશે. રાગથી અર્થાત્ પુણ્યથી ધર્મ થાય કે પુણ્યધર્મમાં સહાયક થાય એવી જેને માન્યતા હોય તે ભગવાનની ખરી સ્તુતિ કે ભકિત કરતા નથી પણ મિથ્યાત્વની સ્તુતિ કે ભકિત કરે છે; અજ્ઞાનના કારણે તે, પોતે ભગવાનની સ્તુતિ કે ભકિત કરે છે એમ માને છે. ૧૩

### દેવાધિદેવની સ્તુતિ ચાલુ :

निषूदते यो भवदुःखजालं, निरीक्षते यो जगदन्तरालं।
योऽन्तर्गतो योगिनिरीक्षणीयः, स देवदेवो हृदये ममास्ताम्॥१४॥

**અન્વયાર્થ** :- [यः] જે [भवदुःखजालं] ભવરૂપ દુઃખની જાળનો [निषूदते] વિધ્વંસ કરે છે; [यः] જે [जगत्-अन्तरालं] જગતની ભીતરમાં રહેલી વસ્તુનું [निरीक्षते] નિરીક્ષણ કરે છે-સૂક્ષ્મપણે જુએ છે, [यः] જે [अन्तर्गतः] અંતરંગમાં પ્રાપ્ત છે, [योगिभिः] યોગિઓ વડે [निरीक्षणीयः] સૂક્ષ્મપણે દેખાવા યોગ્ય છે [सः] તે [देवदेवः] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજો.

### વિશેષાર્થ

૧. પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિને ઉપચારથી દેવાધિદેવની પ્રાપ્તિ કહેવામાં આવે છે. તીર્થંકરદેવ પર છે; તેઓ કાંઈ બીજા જીવોમાં પ્રવેશ કરી શકે નહિ. પણ તેમનો ભાવ અને પોતાનો ભાવ એક જ પ્રકારનો થાય તે તીર્થંકરદેવની અંતરંગ પ્રાપ્તિ છે.

૨. જેઓ પોતાના સ્વરૂપને ઓળખી પોતામાં લીન રહે છે, તે 'યોગી' કહેવાય છે.

૩. ભવ તે જ દુ:ખની જાળ છે; **આત્માના સ્વરૂપમાં ભવ નથી; તેથી સમ્યગ્દ્રષ્ટિને ભવની શંકા થાય નહિ.** સમ્યગ્દર્શન થતાં સંચારચક્ર ટળી જાય છે. ભય તે જીવનો વિકારભાવ છે; સમ્યગ્દ્રષ્ટિ જીવોને તે વિકારના સ્વામિત્વનો નકાર છે તેથી અલ્પકાળમાં જ તેની મુક્તિ થાય છે. જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં ભવ હોય જ. સમ્યગ્દર્શન હોય ત્યાં ભવભ્રમણ કદી હોય જ નહિ. ૧૪.

### દેવાધિદેવની સ્તુતિ ચાલુ :

विमुक्तिमार्गप्रतिपादको यो, यो जन्ममृत्युव्यसनाद्यतीतः।
त्रिलोकलोकी विकलोऽकलङ्कः, स देवदेवो हृदये ममास्ताम्॥१५॥

**અન્વયાર્થ** :–[यः] જે [विमुक्तिमार्गप्रतिपादकः] મોક્ષના પ્રતિપાદક છે, [यः] જે [जन्ममृत्युव्यसनात्] જન્મ–મરણરૂપી વિપત્તિઓથી [अतीतः] રહિત છે, [त्रिलोकलोकी] ત્રણ લોકને



જોનારા છે, [विकलः] શરીરરહિત છે (અને) [अकलङ्कः] કલંકરહિત છે [सः] તે [देवदेवः] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજમાન થાઓ.

### વિશેષાર્થ

આ શ્લોકમાં 'विकल' વિશેષણ વપરાયેલ છે, તેથી આ સ્તુતિ શરીરરહિત સિદ્ધ ભગવંતને કરાયેલી છે એમ સમજવું. ખરી રીતે તો પોતે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે તેવી અહીં ભાવના છે. ૧૫.

### પરમાત્માની સ્તુતિ ચાલુ :

क्रोडीकृताशेषशरीरिवर्गा, रागादयो यस्य न सन्ति दोषाः।
निरिन्द्रियो ज्ञानमयोऽनपायः स देवदेवो हृदये ममास्ताम्॥१६॥

**અન્વયાર્થ** : [क्रोडीकृत-अशेषशरीरवर्गाः] સમસ્ત સંસારી જીવોને જેમણે પોતાનામાં સમાવ્યા છે અર્થાત્ ખરડ્યા છે તે [रागादयः] રાગ–આદિ [दोषाः] દોષો [यस्य] જેમને [न सन्ति] નથી, [निरिन्द्रियः] (જે) પાંચ ઇન્દ્રિયો અને મનથી રહિત છે, [ज्ञानमयः] જ્ઞાનમય, [अनपायः] અવિનાશી છે [सः] તે [देवदेवः] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજમાન થાઓ.

### વિશેષાર્થ

જે મોહ, રાગ-દ્વેષ દ્વારા પોતાનામાં સમાવાયા છે તે મિથ્યાદ્રષ્ટિ સંસારી જીવ છે, એમ આ શ્લોકમાં કહ્યું છે.

સમ્યગ્દૃષ્ટિને રાગાદિ સ્પર્શતા નથી, તેથી તે સંસારનો અંત કરે છે. **મિથ્યાદૃષ્ટિપણું તે જ સંસારનું મૂળ છે.** ભગવાને તે મૂળનો નાશ કરી ભગવત્-દશા પ્રગટાવી છે. સર્વે જીવો શક્તિરૂપે ભગવાન છે. જે પોતાના તેવા સ્વરૂપને ઓળખી, સંસારના મૂળરૂપ મિથ્યાત્વને ટાળે તે ક્રમશઃ આગળ વધી પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રગટ કરી ભગવાન થાય. આ શ્લોકમાં પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવાની ભાવના છે. ૧૬.

### શ્રી જિનેન્દ્રદેવની સ્તુતિ ચાલુ :

यो व्यापको विश्वजनीनवृत्तेः, सिद्धे विबुद्धो धुतकर्मबन्धः।
ध्यातो धुनीते सकलं विकारं, स देवदेवो हृदये ममास्ताम् ॥१७॥

**અન્વયાર્થ** :–[यः] જે [विश्वजनीनवृत्तेः] આખા જગતના પદાર્થોમાં [व्यापक] વ્યાપક છે, [सिद्धः] સિદ્ધ છે, [विबुद्धः] વિબુદ્ધ છે, [धुतकर्मबंधः] જેમણે કર્મબંધનો નાશ કર્યો છે, [ध्यातः धुनीते सकलं विकारं] જેમનું ધ્યાન કરતાં સમસ્ત વિકાર ઘણઘણી ઊઠે છે [सः] તે [देवदेवः] દેવાધિદેવ [मम] મારા [हृदये] હૃદયમાં [आस्ताम्] બિરાજમાન થાઓ.

### વિશેષાર્થ

૧. પ્રદેશોની સંખ્યા–અપેક્ષાએ દરેક જીવ અસંખ્યાત–પ્રદેશી છે અને ક્ષેત્ર–અપેક્ષાએ શરીરના આકારે તેનો વર્તમાન આકાર હોય છે, તેથી ક્ષેત્ર–અપેક્ષાએ જગતના બધા પદાર્થોમાં કેવળી ભગવાનનો કે કોઈનો જીવ વ્યાપક નથી. પરંતુ



કેવળજ્ઞાનમાં ક્ષેત્ર કે કાળના ભેદ વગર જગતના સર્વ પદાર્થો એક સમયે ભગવાનને જણાય છે, તેથી જ્ઞાન–અપેક્ષાએ જીવને સર્વગત અથવા સર્વવ્યાપક કહેવાનો વ્યવહાર છે.

૨. કર્મના ત્રણ પ્રકાર છે : ૧. ભાવકર્મ, ૨. દ્રવ્યકર્મ, ૩. નોકર્મ [શરીર આદિ]; એ ત્રણે પ્રકારનાં કર્મોથી રહિત એવી જે સિદ્ધદશા તે પ્રગટ કરવાની ભાવના આ શ્લોક દ્વારા કરી છે. ભાવકર્મ એટલે પોતાના વિકારભાવો; તેનાથી જ જીવને ખરેખરો બંધ થાય છે; કેમ કે ભાવકર્મ વડે જીવનું જ્ઞાન વિકારમાં અટકી જાય છે; દ્રવ્યકર્મ તો નિમિત્તમાત્ર છે. ૧૭.

### હવે ચાર ગાથામાં પરમાત્માના શરણની ભાવના કરવામાં આવે છે :

न स्पृश्यते कर्मकलङ्कदोषै,–र्यो ध्वान्तसंघैरिव तिग्मरश्मिः।
निरञ्जनं नित्यमनेकमेकं, तं देवमाप्तं शरणं प्रपद्ये ॥१८॥

**અન્વયાર્થ** :–[तिग्मरश्मिः] સૂર્ય [ध्वान्तसंघैः] અંધકારના સમૂહ વડે [न स्पृश्यते] સ્પર્શાતાં નથી [इव] (તેની) જેમ [यः] જે [कर्मकलङ्कदोषैः] કર્મકલંકરૂપ દોષો વડે [न स्पृश्यते] સ્પર્શાતો નથી, (તેવા) [निरञ्जनं] કર્મરૂપ અંજનથી રહિત, [नित्यं] નિત્ય [अनेकं] ગુણ-પર્યાય-અપેક્ષાએ અનેક, [एकं] દ્રવ્ય–અપેક્ષાએ એક [तं आप्तदेवं शरणं] તેવા તે આપ્તદેવના શરણને [प्रपद्ये] હું પ્રાપ્ત થાઉં છું.

### વિશેષાર્થ

આત્માને પોતાના સ્વભાવ સિવાય બીજું કોઈ, જગતમાં શરણરૂપ નથી; પરંતુ જ્યારે રાગ હોય ત્યારે સુપાત્ર જીવોનું લક્ષ વીતરાગ ભગવાન પ્રત્યે જાય છે, તેથી નિમિત્તરૂપે ભગવાનનું શરણ છે. આ પ્રમાણે નિશ્ચય-વ્યવહાર-શરણનું સ્વરૂપ સમજવું.

અઢારથી એકવીસ સુધીના ચાર શ્લોકમાં વ્યવહાર-શરણનું સ્વરૂપ કહ્યાં છે અને બાવીસથી છવીસ સુધીના પાંચ શ્લોકમાં નિશ્ચય-શરણનું સ્વરૂપ કહ્યાં છે. ૧૮

### પરમાત્માના શરણની ભાવના ચાલુ :

विभासते यत्र मरीचिमालिर्न विद्यमाने भुवनावभासि।
स्वात्मस्थितं बोधमयप्रकाशं, तं देवमाप्तं शरणं प्रपद्ये॥१९॥

**અન્વયાર્થ** :–[भुवनावभासि] ત્રણ લોકને પ્રગટ કરનાર [यत्र] જેમના [विद्यमाने] હોવાથી [मरीचिमालिः] સૂર્ય [न अवभासते] ઝાંખો પડે છે, (તેવા) [स्वात्मस्थितं] પોતાના આત્મામાં સુસ્થિત [तं आप्तदेवं] આપ્તદેવના શરણને [प्रपद्ये] પ્રાપ્ત થાઉં છું.

### વિશેષાર્થ

નિશ્ચયથી પોતાનો આત્મા જ આપ્તદેવ છે અને તીર્થંકરદેવ કે સિદ્ધ ભગવંત તો નિમિત્તમાત્ર છે ને તેથી તે વ્યવહારે આપ્તદેવ છે. જેવી રીતે તીર્થંકરદેવ તથા સિદ્ધ



ભગવાન નિશ્ચયથી પોતે પોતાના જ આપ્તદેવ છે તેવી રીતે દરેક જીવ પણ નિશ્ચયથી પોતપોતાના આપ્તદેવ છે, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે. ૧૯.

### પરમાત્માના શરણની ભાવના ચાલુ

विलोक्यमाने सति यत्र विश्वं, विलोक्यते स्पष्टमिदं विविक्तम्।
शुद्धं शिवं शान्तमनाद्यनन्तं, तं देवमाप्तं शरणं प्रपद्ये॥२०॥

**અન્વયાર્થ** :– [यत्र] જ્યાં [विलोक्यमानेसति] (જ્ઞાનમાં) દેખવા વડે [इदं] આ [विश्वं] વિશ્વ – જગત [विविक्तं] ભિન્નપણે [स्पष्टम्] અત્યંત સ્પષ્ટરૂપે [विलोक्यते] દેખાય છે, (તેવા) [शुद्धं] શુદ્ધ, [शिवं] કલ્યાણસ્વરૂપ, [शान्तम्] શાંત (અને) [अनादि-अनंतं] અનાદિ-અનંત [तं आप्तदेवं शरणं] તે આપ્તદેવના શરણને [प्रपद्ये] હું પ્રાપ્ત થાઉં છું.

### વિશેષાર્થ

૧. વિશ્વ = છ દ્રવ્યો (જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ) તથા તે સર્વના ગુણ અને પર્યાયો.

૨. શિવ = ઉપદ્રવરહિત, કલ્યાણસ્વરૂપ પરમાત્મદશા; રાગ–આદિ તે ઉપદ્રવ છે.

૩. શાંત = નિરાકુલતારૂપ આહ્‌લાદ–આનંદવાળું; લોકો જેને આનંદવાળું કે શાંતિ માને છે તે તો આકુલતારૂપ રતિ છે, અર્થાત્ દુઃખ છે. ૨૦.

## પરમાત્માના શરણની પ્રાર્થના ચાલુ :

येन क्षता मन्मथानमूर्च्छा, विषादनिद्राभयशोकचिन्ता।
क्षयोऽनलेनेव तरुप्रपञ्च-स्तं देवमाप्तं शरणं प्रपद्ये॥२१॥

**અન્વયાર્થ** :–[तरुप्रपञ्च क्षयः] વૃક્ષ-સમૂહનો ક્ષય [अनलेन] અગ્નિ વડે [इव] જેમ (થાય છે તેમ) [मन्मथमान-मूर्च्छाः विषादनिद्राभयशोकचिन्ताः] કામ, માન, મૂર્ચ્છા, ખેદ, નિદ્રા, ભય, શોક અને ચિંતા [येन क्षताः] નો જેમણે ક્ષય કર્યો છે, [तम् आप्तदेवं शरणं] તેવા આપ્તદેવના શરણને [प्रपद्ये] હું પ્રાપ્ત થાઉં છું.

### વિશેષાર્થ

આ શ્લોકમાં આપ્તપુરુષનું વિશેષ સ્વરૂપ કહ્યું છે અને તેમનું શરણ પ્રાપ્ત કરવાની ભાવના કરી છે. ખરી રીતે તો પોતાના શુદ્ધાત્મ-સ્વરૂપના ધ્યાનરૂપ અગ્નિ વડે પોતામાં કામાદિ વિકારો ટળી જાઓ, એવી ભાવના છે. ૨૧

## સામાયિક માટે આસન :

न संस्तरोऽश्मा न तृणं न मेदिनी, विधानतो नो फलको विनिर्मितः।
यतो निरस्ताक्षकषायविद्विषः, सुधीभिरात्मैव सुनिर्मलो मतः॥२२॥

**અન્વયાર્થ** : [विधानतः] વિધિ તરીકે [न अश्मा] ન તો શિલા, [न तृणं] ન તો ઘાસ, [न मेदिनी] ન તો પૃથ્વી, [नो फलकः] ન તો લાકડાની પાટ [संस्तरो] આસન (તરીકે) [विनिर्मितः] નિયત થયેલ છે–નિર્માણ થયેલ છે, [यतः] કેમ કે [निरस्त-अक्षकषायविद्विषः] જેણે ભાવઈન્દ્રિય, કષાય, દ્વેષ વગેરે નષ્ટ કર્યા છે (એવો) [सुनिर्मलः] સુનિર્મળ [आत्मा] આત્મા [एव] જ (આસન) છે (એમ) [सुधीभिः] સમ્યગ્જ્ઞાનીઓ દ્વારા [मतः] માન્ય થયેલ છે.



### વિશેષાર્થ

૧. આ શ્લોકમાં સામાયિકનું સ્વરૂપ દર્શાવ્યું છે. सम + अय + इक = सामायिक એટલે કે જેના વડે આત્મામાં રાગદ્વેષરહિત સમભાવનો લાભ થાય એવો શુદ્ધ ભાવ. જે જીવે સમ્યગ્દર્શન ન પ્રાપ્ત કર્યું હોય તે જીવને આત્માના શુદ્ધ સ્વરૂપની ખબર નહિ હોવાથી તે શુદ્ધ ભાવની પ્રાપ્તિ કરી શકે નહિ, એટલે કે તેને સામાયિક હોય નહિ.

૨. સંસ્તર = આસન, કટાસન, પાથરણું, બાહ્ય વસ્તુઓ આત્માનું આસન હોઈ શકે નહિ, પણ આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરવી એ જ આત્માનું સાચું આસન-કટાસન-પાથરણું છે, એમ અહીં કહ્યું છે.

૩. 'કષાય'નો સામાન્ય અર્થ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે. ઘણા જીવો માત્ર રાગ-દ્વેષને જ કષાય સમજે છે, પણ તે બરાબર નથી. જીવ જ્યારે સમ્યક્ત્વ પ્રગટ કરી મિથ્યાત્વ ટાળે છે ત્યારે અનંત સંસારના કારણરૂપ અનંતાનુબંધી કષાય અર્થાત્ પરવસ્તુથી લાભ-નુકસાન થાય એવી માન્યતાપૂર્વક થતાં ક્રોધ, માન, માયા, લોભ ટળે છે. તેથી જ્યારે સરાગસમ્યગ્દ્રષ્ટિ જીવો સંબંધી 'કષાય' શબ્દ વાપરવામાં આવે ત્યારે તે જીવને

ચારિત્રના દોષથી થતા રાગ-દ્વેષ છે, એમ સમજવું.

૪. અક્ષ = ઈન્દ્રિય; ઈન્દ્રિયના બે પ્રકાર છે : એક દ્રવ્યેન્દ્રિય અને બીજી ભાવેન્દ્રિય. તેમાં દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે: ૧. પુદ્‌ગલ (જડ) ઈન્દ્રિય, ૨. ચેતન દ્રવ્યેન્દ્રિય. પુદ્‌ગલ (જડ) ઈન્દ્રિય છે તે તો (પરદ્રવ્યરૂપ) પુદ્‌ગલ-દ્રવ્યોનો સ્કંધ છે અને તે આત્માને લાભ-નુકસાન કરી શકે નહિ, તેમ જ આત્મા તેનો નાશ કરી શકે નહિ. જે સ્થળે પુદ્‌ગલ-ઈન્દ્રિય છે તે જ સ્થળે તે પુદ્‌ગલ-ઈન્દ્રિયના આકારે આત્મપ્રદેશોની રચના હોય છે તે ચેતન દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. તે પણ આત્માને લાભ-નુકસાન કરતી નથી.

ચેતન દ્રવ્યેન્દ્રિય દ્વારા પરદ્રવ્યોને જાણવાની ક્ષયોપશમરૂપ શક્તિ તે ભાવેન્દ્રિય છે; આ ભાવેન્દ્રિય જોકે આત્માના જ્ઞાનનો ઉઘાડ છે તોપણ તે આત્માનો સ્વભાવ-ભાવ નથી.

સમ્યગ્દ્રષ્ટિ, આત્માની અપૂર્ણ અવસ્થાને, પરમાર્થે પોતાની અવસ્થા તરીકે સ્વીકારતા નથી; તેથી પુરુષાર્થ વડે ક્રમેક્રમે ભાવેન્દ્રિયને ટાળીને અર્થાત્ તેના તરફના ઉપયોગને ટાળી નિજસ્વરૂપમાં સ્થિત થઈ સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ રીતે, ભાવેન્દ્રિય જીવનો સ્વભાવ-ભાવ નહિ હોવાથી અને તે દ્વારા થતો વ્યાપાર રાગ-દ્વેષમય હોવાથી તે પર્યાયને આત્માનો શત્રુ ગણીને તેને ટાળવાનો અહીં ઉપદેશ આપ્યો છે.

૫. પ્રથમ સમ્યગ્દર્શન થતાં માન્યતામાં ભાવેન્દ્રિય



જિતાઈ જાય છે અને ત્યાર પછી તે સમ્યગ્દ્રષ્ટિ જીવ પુરુષાર્થ વધારી જેટલે અંશે રાગ-દ્વેષ ટાળે છે તેટલે અંશે ભાવેન્દ્રિય અને કષાય, ચારિત્રઅપેક્ષાએ હણાય છે. કષાય સર્વથા ટાળતાં આત્માની ક્ષીણકષાયી અવસ્થા પ્રગટે છે, અને ત્યાર બાદ અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રકટ થાય છે ત્યારે ભાવેન્દ્રિયો સર્વથા હણાઈ જાય છે. ૨૨.

**બાહ્ય વાસના છોડી આત્મામાં લીનતા એ સામાયિક :**

न संस्तरो भद्र! समाधिसाधनं, न लोकपूजा न च संघमेलनम्।
यतस्ततोऽध्यात्मरतो भवानिशं, विमुच्य सर्व्वामपि बाह्यवासनाम्॥२३॥

**અન્વયાર્થ** :–[भद्र!] હે ભદ્ર! [यतः] જ્યાં [समाधिसाधनं] સમાધિ કે સામાયિકનું સાધન [न संस्तरो] નથી આસન (પાથરણું) (કે) [न लोकपूजा] નથી લોકની પૂજા [न संघमेलनम्] કે નથી સંઘની સંગતિ, [ततः] ત્યાં [सर्व्वाम् अपि बाह्यवासनाम्] સર્વે બાહ્યવાસનાઓ [विमुच्य] તજી [अध्यात्मरतः] અધ્યાત્મલીન [अनिशं] નિરંતર [भव] થાઓ.

**વિશેષાર્થ**

૧. આત્માનો શુદ્ધ પર્યાય તે સામાયિક છે. તેનું સાધન અંતરમાં છે; કોઈ બાહ્ય પદાર્થ નહિ. પાથરણું (કટાસન), લોકપૂજા કે સંઘ વગેરે બાહ્ય વસ્તુઓ સામાયિકનું સાધન નથી. માટે તે સર્વ તરફથી દ્રષ્ટિ–લક્ષ ખેંચી આત્મા તરફ વાળવું અને તેમાં સ્થિર થવું તે ખરું–નિશ્ચય–સામાયિક છે; એવું સામાયિક

કરવાની અહીં ભાવના કરી છે. નિજસ્વરૂપ સંબંધી વિકલ્પ બાહ્ય પદાર્થના લક્ષે થાય છે તેથી તે બાહ્ય છે; માટે તે વિકલ્પ છોડી નિર્વિકલ્પ સ્વરૂપમાં રત–લીન થવાનું અહીં કહ્યું છે.

૨. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવરૂપ પરમાર્થભૂત જ્ઞાનનું પરિણમન માત્ર એકાગ્રતારૂપ લક્ષણવાળું અને શુદ્ધાત્મસ્વરૂપ છે તે જ સાચું (નિશ્ચય) સામાયિક છે; તે મોક્ષનું કારણભૂત છે. (જુઓ ગુજરાતી 'સમયસાર' ગાથા ૧૫૪ની ટીકા પૃ. ૨૦૦.)૨૩.

### મુક્તિ માટે આત્મસ્વભાવમાં સ્વસ્થ થવાનો ઉપદેશ :

न सन्ति बाह्या मम केचनार्था, भवामि तेषां न कदाचनाहम्।
इत्थं विनिश्चित्य विमुच्य बाह्यं, स्वस्थः सदा त्वं भव भद्र! मुक्त्यै॥२४॥

**અન્વયાર્થ** :–[बाह्याः केचन अर्थाः] બાહ્ય કોઈ પણ પદાર્થો [मम] મારા [न सन्ति] નથી; [अहं] હું [कदाचन] કદાપિ [तेषाम्] તેમનો [न भवामि] થઈ શકતો નથી – [इत्थं] એ પ્રમાણે [विनिश्चित्य] બરાબર નિશ્ચય કરીને [भद्र!] હે ભદ્ર! [त्वं] તું [बाह्यं] બાહ્યભાવ [विमुच्य] સંપૂર્ણપણે છોડી [मुक्त्यै] મુક્તિ અર્થે [सदा] સદાય [स्वस्थः] સ્વસ્થ [भव] થા.

### વિશેષાર્થ

૧. વિકલ્પ, રાગ-દ્વેષ, શુભ-અશુભભાવ, શરીર વગેરે પદાર્થો અને અન્ય જીવો–એ સર્વ તારા આત્માથી બાહ્ય છે; માટે તે તરફનું મમત્વ તજી તારા આત્મા પ્રત્યે લક્ષ કરીને સ્થિર થા. આથી તારા આત્મામાં શુદ્ધ દશા પ્રગટશે.



૨. 'विनिश्चित्य' શબ્દ એમ સૂચવે છે કે સ્વ-પરના ભેદજ્ઞાનનો નિશ્ચય કરવાની જીવને ખાસ જરૂર છે; સ્વ-પરનું સ્વરૂપ સમજ્યા વિના કદાપિ ભેદજ્ઞાન થાય નહિ, અને ભેદજ્ઞાન વિના કદાપિ ધર્મ થઈ શકે નહિ; માટે તેનો નિશ્ચય કરી, તે નિશ્ચયને દૃઢ કરવાનું અહીં કહ્યું છે. ૨૪.

### આત્મધ્યાનની સ્થિરતાથી સમાધિની પ્રાપ્તિ

आत्मानमात्मन्यवलोक्यमानस्त्वं दर्शनज्ञानमयो विशुद्धः।
एकाग्रचित्तः खलु यत्र तत्र, स्थितोऽपि साधुर्लभते समाधिम्॥२५॥

**અન્વયાર્થ** : [आत्मनि] પોતાનામાં [आत्मानम्] પોતાના આત્માને [अवलोक्यमान] અવલોકનાર [त्वं] તું [दर्शनज्ञानमयः] દર્શનજ્ઞાનમય [विशुद्धः] વિશુદ્ધ છે. [एकाग्रचितः] એકાગ્રચિત્તવાળો [साधुः] સાધુ [यत्र तत्र] ગમે ત્યાં [स्थितः अपि] સ્થિત હોવા છતાં પણ [खलु] નિશ્ચયે [समाधिम्] સમતાભાવને [लभते] પ્રાપ્ત કરે છે.

### વિશેષાર્થ

પોતાના શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા [જ્ઞાયક] સ્વભાવને ઓળખી તેમાં જે એકાગ્ર થાય છે, તેને શુદ્ધતા પ્રગટે છે. ૨૫.

### આત્માનું અને બાહ્ય પદાર્થોનું સ્વરૂપ

एकः सदा शाश्वतिको ममात्मा, विनिर्मलः साधिगमस्वभावः।
बहिर्भवाः सन्त्यपरे समस्ता, न शाश्वताः कर्मभवाः स्वकीयाः॥२६॥

**અન્વયાર્થ** : [मम] મારો [आत्मा] આત્મા [सदा] હમેશાં [एकः] એક, [शाश्वतिकः] શાશ્વત, [विनिर्मलः] વિશેષ નિર્મળ (અને) [साधिगमस्वभावः] જ્ઞાનસ્વભાવમય છે, [अपरे] અન્ય [समस्ताः] સર્વ [बहिर्भवाः] બહાર રહેલા પદાર્થો [न शाश्वताः सन्ति] શાશ્વત નથી, [कर्मभवाः] કર્મરૂપ નિમિત્તવાળા છે તથા [स्वकीयाः] સ્વયં પોતપોતાથી છે.

## વિશેષાર્થ

આત્મા શુદ્ધજ્ઞાનસ્વભાવી છે, આત્માથી ભિન્ન જે પરપદાર્થો છે તે સર્વે પોતપોતાના કારણે પોતાની અવસ્થા ધારણ કરે છે. તે પરપદાર્થો જીવને કાંઈ લાભ-નુકસાન કરી શકતા નથી; અને આત્મા તેમને કાંઈ કરી શકતો નથી. માટે પરથી લાભ-નુકસાન થાય છે એવી માન્યતા પ્રથમ છોડી દઈ જે જીવ પોતાના આત્માના શુદ્ધ જ્ઞાનમાત્રરૂપ સ્વભાવનો નિર્ણય કરે છે તે જ પોતાના આત્મામાં સ્થિરતારૂપ સામાયિક પ્રગટ કરી શકે છે–એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે. ૨૬.

## આત્માનું પરથી ભિન્નપણું વિચારે છે :

यस्यास्ति नैक्यं वपुषापि सार्द्धं तस्यास्ति किं पुत्रकलत्रमित्रैः।
पृथक् कृते चर्मणि रोमकूपाः कुतो हि तिष्ठन्ति शरीरमध्ये॥२७॥

**અન્વયાર્થ** :–[यस्य] જેને [वपुषा सार्द्धम् अपि] શરીર સાથે પણ [एक्यं] ઐક્ય – એકપણું [न अस्ति] નથી [तस्य] તેને [पुत्रकलत्रमित्रैः] પુત્ર, પત્ની કે મિત્ર સાથે [किं अस्ति] (ઐક્ય) કેમ હોઈ શકે? [हि] કારણ [चर्मणि] ચામડી [पृथक् कृते] પૃથક્ જુદી કર્યે [रोमकूपाः] વાળનાં છિદ્રો [शरीरमध्ये] શરીરમાં રહેલા [कुतः] કેવી રીતે [तिष्ठन्ति] રહી શકે?



## વિશેષાર્થ

૧. જ્યાં શરીર જ આત્માનું નથી તો પછી શરીરના આશ્રયે ગણાતાં સગાસંબંધી આત્માના ક્યાંથી ગણાય? શરીરથી આત્માનું ભિન્નપણું દૃઢ કરવા માટે શરીરની ચામડી અને વાળના છિદ્રોનું દૃષ્ટાંત આપ્યું છે. શરીર અને તેના આશ્રયે ગણાતાં સગાંસંબંધી વગેરે તારાથી જુદાં છે; તેથી તું તેમનું કાંઈ કરી શકે નહિ અને તેઓ તારું કાંઈ કરી શકે નહિ. આવી માંન્યતા દૃઢ કરીને આત્મામાં સ્થિર થવાનું આ શ્લોકમાં દર્શાવ્યું છે.

૨. અત્યારે જ શરીર મારાથી જુદું છે; હું તેનું કાંઈ કરી શકતો નથી, તેને હલાવી-ચલાવી શકતો નથી; એમ જેઓ માનતા નથી તેઓ આત્માને અને શરીરને એક માને છે. તેથી તેઓને કદી સામાયિક થાય જ નહિ. ૨૭.

## આત્માને બાહ્ય સંયોગના લક્ષે દુઃખ થાય છે તેમ હવે કહે છે :

संयोगतो दुःखमनेकभेदं, यतोऽश्नुते जन्मवने शरीरी।
ततस्त्रिधासौ परिवर्जनीयो, यियासुना निर्वृतिमात्मनीनाम्॥२८॥

**અન્વયાર્થ** :–[यतः] જો [शरीरी] શરીરધારી જીવો

[जन्मवने] જન્મરૂપ વનમાં [संयोगतः] સંયોગના લક્ષે [अनेकभेदं] અનેક પ્રકારના [दुःखं] દુઃખ [अश्नुते] ભોગવે છે, [ततः] તો [आत्मनीनाम्] આત્માની [निर्वृति] નિર્વૃત્તિ (શાંતિ-આનંદ) [वियासुना] પામવા ઈચ્છનારાઓએ [त्रिधा] (મન-વચન-કાય એમ ત્રિવિધ) જોડાણથી હઠી [असौ] આ સંયોગના લક્ષને [परिवर्जनीयः] છોડવું જોઈએ.

## વિશેષાર્થ

૧. જીવ અનાદિથી સુખનો ઉપાય ચૂકી ગયેલ હોવાથી અજ્ઞાનભાવે જન્મ ધારણ કરીને રખડે છે. અહીં જન્મને વનની ઉપમા આપી છે. જીવ અજ્ઞાનદશામાં પોતાનો સ્વભાવ ચૂકી પર ઉપર લક્ષ કરે છે અને તેમનાથી પોતાને લાભ-નુકસાન થાય એમ તે માને છે. જે પર-પદાર્થો ઉપર પોતે લક્ષ કરે છે તે પર-પદાર્થો 'સંયોગ' કહેવાય છે. સંયોગથી લાભ-નુકસાન થાય એવી ઊંધી માન્યતાની પકડને લીધે પર-પદાર્થને ઈષ્ટ-અનિષ્ટ માનીને તેના ગ્રહણ-ત્યાગ કરવાની આકુળતા જીવ સેવે છે. પર-વસ્તુઓ સંબંધી ઈચ્છાનો સતત પ્રવાહ જોશભર ચલાવે છે, તે જ દુઃખ છે અને તે વિકાર હોવાથી અનેક પ્રકારનું હોય છે. ઓછી આકુળતા (પુણ્ય-ભાવ) પણ ખરેખર દુઃખ જ છે, છતાં અજ્ઞાનભાવે તેને સુખ માની જીવ ભ્રમણા સેવે છે અને તેના ફળરૂપે જન્મરૂપ વનમાં ચક્કર માર્યા કરે છે.

૨. તે દુઃખ ટાળવા માટે સ્વવસ્તુ અને પરવસ્તુના સ્વરૂપને જાણી, યથાર્થ ભેદજ્ઞાન કરી, પર તરફનું લક્ષ છોડી,



સ્વ તરફ વળવું જોઈએ. એમ કરે તો જ જીવનું દુઃખ મટે છે; તે સિવાય કોઈ પણ અન્ય ઉપાયે દુઃખ મટે નહિ.

પ્રશ્ન :–પુણ્યથી દુઃખ મટે કે નહિ?

ઉત્તર :–ના; કારણ કે પર પ્રત્યેના લક્ષ વિના પુણ્ય થાય જ નહિ. જો પરના લક્ષથી દુઃખ મટતું હોત તો આ જન્મવનમાં મિથ્યાદષ્ટિને લાયક બધાં પુણ્ય જીવે કર્યાં છતાં દુઃખ અને જન્મ એમ ને એમ ઊભાં રહ્યાં છે. આથી સિદ્ધ થાય છે કે પુણ્ય દુઃખ મટાડવાનો ઉપાય નથી, એટલે કે પુણ્યથી ધર્મ થાય કે તે ધર્મને સહાયક થાય તેમ નથી. આ રીતે પુણ્ય-પાપરહિત નિજ સ્વભાવનો નિર્ણય કરી, ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તરફ વળ્યા વિના કદી ધર્મની શરૂઆત થાય નહિ ને દુઃખ મટે નહિ. અજ્ઞાની પુણ્યને ધર્મનું પરંપરાકારણ માને છે તે મિથ્યા માન્યતા છે; અજ્ઞાનીને પુણ્ય સર્વ અનર્થનું પરંપરાકારણ થાય છે એમ શ્રી પંચાસ્તિકાયની ૧૬૭ મી ગાથા અને તેની ટીકાઓમાં કહ્યું છે.

૩. આત્મામાંથી ખસી, મન-વચન-કાયા તરફનું જોડાણ થયા વિના પરલક્ષ થાય નહિ. સમ્યગ્દષ્ટિને અભિપ્રાયમાંથી પ્રથમ મન-વચન-કાયા તરફનું જોડાણ સર્વથા ટળી જાય છે અને પછી સ્વરૂપસ્થિરતા વડે જેમ જેમ ચારિત્રદોષ ટળતો જાય છે તેમ તેમ મન-વચન-કાયા તરફનું જોડાણ છૂટતું જાય છે. આ જ સુખ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય છે, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે. ૨૮.

## વિકલ્પજાળ તોડી આત્મામાં લીન થવાનો ઉપદેશ :

सर्वं निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपातहेतुम्।
विविक्तमात्मानमवेक्षमाणो, निलीयसे त्वं परमात्मतत्त्वे॥२९॥

**અન્વયાર્થ** :–[संसारकान्तारनिपातहेतुम्] સંસારરૂપ દુર્ગમ જંગલમાં ભટકાવવાની હેતુરૂપ [सर्वं विकल्पजालं] સર્વ વિકલ્પજાળને [निराकृत्य] હઠાવી – તોડી [विविक्तम्] સર્વથી ભિન્ન [आत्मानम्] આત્માને [अवेक्षमाणः] અવલોકતો [त्वं] તું [परमात्मतत्त्वे] પરમાત્મતત્ત્વમાં [निलीयसे] લીન થાય.

### વિશેષાર્થ

હું પરનું કરી શકું અને પર મારું કરી શકે અથવા એકબીજાના નિમિત્ત થઈ શકીએ એમ જે માને, તેને મિથ્યા વિકલ્પની જાળ કદી તૂટે નહિ અને આત્માનું લક્ષ થાય નહિ. તે વિકલ્પ-જાળ તોડવાનો ઉપાય આ શ્લોકમાં દર્શાવ્યો છે. પોતે સ્વઆત્માને બધાથી ભિન્ન અવલોકવો; એમ આત્માવલોકન કરતાં પર અને પુણ્ય પ્રત્યેનો વિકલ્પ તૂટી જાય છે. પોતાની અવસ્થામાં થતાં પુણ્ય-પાપરૂપ વિકાર આત્માનું સ્વરૂપ નથી, તો શરીર વગેરે જે પ્રત્યક્ષ જુદાં છે તે આત્માના કઈ રીતે થઈ શકે? ન જ થઈ શકે. માટે પરથી અને વિકારથી ભિન્ન [એવા] પોતાના સિદ્ધ સમાન પરમાત્મતત્ત્વમાં લીન થવાનો અભ્યાસ કરવો. એ અભ્યાસ વડે સંસારરૂપ વનમાં રખડાવનાર વિકલ્પજાળનો નાશ થાય છે. ૨૯.



## પુણ્ય-પાપ અનુસાર સંયોગનો સંબંધ થાય છે એમ કહે છે :

स्वयं कृतं कर्म यदात्मना पुरा, फलं तदीयं लभते शुभाशुभम्।
परेण दत्तं यदि लभ्यते स्फुटं, स्वयं कृतं कर्म निरर्थकं तदा॥३०॥

**અન્વયાર્થ** : [पुरा] પૂર્વે [यत्] જે [कर्म] કર્મ [आत्मना स्वयं] સ્વયં આત્મા વડે [कृतं] કરાયેલ હોય [तदीयं] તેનું જ [शुभं-अशुभम्] શુભ-અશુભ [फलं] ફળ [लभ्यते] તે (આત્મા) પામે છે. [यदि] જો [परेण दत्तं] પારકાએ આપેલું (શુભાશુભ ફળ) [लभते] મળે [तदा] તો [स्वयं कृतं] પોતે જ કરેલું [कर्म] કર્મ [निरर्थकम्] વ્યર્થ જાય (એ) [स्फुटम्] પ્રગટ છે.

### વિશેષાર્થ

૧. આ શ્લોકમાં કહ્યું છે કે ચેતન કે અચેતન કોઈ પણ પરપદાર્થો આત્માને સુખ-દુઃખ આપી શકતા નથી. માટે પરથી મને લાભ-નુકસાન થાય એ માન્યતા એકદમ છોડી દેવી. આત્માને જે કાંઈ શુભાશુભ સંયોગ-વિયોગનો સંબંધ થાય છે, તે પોતે કરેલાં પુણ્ય-પાપ અનુસાર થાય છે. પણ તે સંયોગ-વિયોગ સુખ-દુઃખ આપી શકતા નથી. સંયોગ-વિયોગમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના તે દુઃખનું કારણ છે.

૨. શ્રી 'પ્રવચનસાર'ના બીજા અધ્યાયની ૨૪મી ગાથામાં કહ્યું છે કે—

एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता।
किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो॥२४॥

અર્થ : રાગાદિ અશુદ્ધ પરિણતિરૂપ વિભાવથી ઉત્પન્ન થતી જીવની ક્રિયા – મોહક્રિયા – અફળ નથી, પણ સંસારરૂપ ફળને આપનાર હોવાથી સફળ છે; પરંતુ સમ્યગ્દર્શનપૂર્વક સ્થિરતારૂપ પરમ ધર્મ નિષ્ફળ છે, અર્થાત્ તે નરનારકાદિ સંસારપર્યાયરૂપ ફળથી રહિત છે. માટે મિથ્યાત્વરૂપ અશુદ્ધ પરિણતિ પ્રથમ છોડવી.

૩. શરૂઆતમાં 'पुरा यत् कर्म आत्मना स्वयं कृतम्' – 'પૂર્વે જે કર્મ આત્માએ પોતે કર્યું છે' એમ કહ્યું છે ત્યાં પૂર્વે કર્મ બાંધવામાં જીવના વિકારનું નિમિત્તપણું હતું એટલે બતાવવા માટે છે. જીવે પૂર્વે વિકારભાવ કરતાં જે કર્મ બંધાયાં તે આત્માએ પોતે કર્યાં છે, એમ વ્યવહારે કહેવામાં આવે છે. ખરી રીતે આત્મા જડ કર્મ કરી શકતો નથી. કેમ કે આત્મા ચેતન દ્રવ્ય છે અને જડ કર્મરૂપ અનંત પુદ્ગલ અચેતન દ્રવ્યો છે.

૪. 'स्वयं कृतं कर्म निरर्थकम्' – આ પદનો અર્થ સમજવાની જરૂર છે. જીવ પોતે જે ભાવ કરે તે નિશ્ચયે સ્વયંકૃત કર્મ છે; અને તે ભાવકર્મનો કર્તા, ભોક્તા જીવ એક જ સમયે [તે ભાવ કરતી વખતે જ] થાય છે. શુદ્ધ ભાવ કરે તે શુદ્ધ ભાવનો અને અશુદ્ધ ભાવ કરે તો અશુદ્ધ ભાવનો કર્તા તથા ભોક્તા તે જ સમયે જીવ થાય છે, અર્થાત્ તે ભાવકર્મ નિરર્થક નથી. જીવ જ્યારે અશુદ્ધ ભાવ કરે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક



સંબંધના કારણે જે નવાં કર્મો જીવ સાથે એકક્ષેત્રાવગાહપણે બંધાય છે, તે પણ ઉપચારથી 'સ્વયંકૃતકર્મ' કહેવાય છે.

૫. જડકર્મ બે પ્રકારનાં છે : ૧. ઘાતિ, ૨. અઘાતિ. તેમાં ઘાતિ કર્મ નિરર્થક જતાં નથી તેનો અર્થ એ છે કે તેના ઉદય સમયે જેટલે દરજ્જે જીવ તેમાં જોડાય તેટલે દરજ્જે આત્મામાં વિકારીભાવ થાય. તે ઘાતિ કર્મને ભોગવટો ઉપચારથી થયો કહેવાય છે અને તેટલે દરજ્જે તે કર્મ નિરર્થક ન થાય, એમ કહેવું એ પણ ઉપચાર છે.

જો જીવ સ્વપુરુષાર્થથી તે કર્મના ઉદયમાં જેટલે અંશે ન જોડાય તેટલે અંશે તે કર્મ નિર્જરી જાય. જ્યારે જીવે વિકાર ન કરવારૂપ જે પુરુષાર્થ કર્યો ત્યારે તે કર્મનો ઉદય નિર્જરારૂપ થયો, તે રીતે એ કર્મનો ભોગવટો જીવે કર્યો એમ ઉપચારથી કહેવાય છે. અઘાતિ કર્મના ઉદય સમયે બાહ્ય સંયોગ-વિયોગનો સંબંધ થાય છે. જીવ તેનો જ્ઞાતા-દ્રષ્ટા રહે તો સુખી થાય અને સંયોગ-વિયોગમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે તો દુઃખી થાય. આ રીતે સ્વયંકૃત કર્મ નિરર્થક નથી, એવો આ પદનો અર્થ સમજવો. ૩૦.

**આત્મસ્વરૂપમાં અનન્યપણાનો ઉપદેશ :**

निजार्जितं कर्म विहाय देहिनो न कोऽपि कस्यापि ददाति किंचन।
विचारयन्नेवमनन्यमानसः परो ददातीति विमुच्य शेमुषीम्॥३१॥

**અન્વયાર્થ** :–[देहिनः] જીવના [निजार्जितं] પોતાના ઉપાર્જન કરેલાં [कर्म विहाय] કર્મ સિવાય [कः अपि] કોઈ પણ

[कस्य अपि] કોઈને પણ [कंचन] કાંઈ પણ [न ददाति] આપતું નથી [एवम्] એમ [विचारयन्] વિચારી [परः] પર – અન્ય [ददाति] આપે છે. [इति] એવી [शेमुषीम्] બુદ્ધિ [विमुच्य] છોડી [अनन्यमानसः] આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું.

## વિશેષાર્થ

૧. એકદ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઈ પણ કરી શકતું નથી એ સિદ્ધાંત અહીં પ્રતિપાદિત કર્યો છે. માટે કોઈ પર મને સુખ-દુઃખ, સગવડ-અગવડ કે ધન-મકાન વગેરે કાંઈ પણ આપી શકે એ મિથ્યાબુદ્ધિ છોડવી.

૨. પૂર્વે કરેલાં વિકારી ભાવોનું નિમિત્ત પામીને સ્વયં આવેલાં જડકર્મો પણ તને કાંઈ કરી શકતાં નથી. જ્યારે પર-વસ્તુનો સંયોગ-વિયોગ થવાનો હોય ત્યારે કર્મની ઉદયરૂપ હાજરી હોય એટલો સંબંધ જાણી લેવો. પરંતુ જીવના ભાવમાં કર્મનો ઉદય કાંઈ પણ કરી શકતો નથી. જો આ પ્રમાણે યથાર્થ જાણે તો જ જીવ પોતાનામાં એકાગ્ર થઈ શકે. જડ કર્મ ઉદયમાં આવી જીવને ફળ આપે એમ કહેવું તે વ્યવહારકથન છે. અહીં એટલો જ અર્થ સમજવો કે પરવસ્તુનો સંયોગ-વિયોગ સ્વયં પોતપોતાથી થાય છે, માત્ર તેને અનુકૂળ અઘાતિ કર્મનો ઉદય તે સમયે સ્વયં ઉદયરૂપે હોય છે. જીવ તે સમયે સ્વલક્ષ ચૂકી સંયોગનું લક્ષ કરે તો વિકાર થાય અને તે વખતે ઘાતિકર્મનો ઉદય થયો કહેવાય. જો જીવ સ્વલક્ષમાં રહીને વિકાર ન કરે તો તે જ ઘાતિકર્મોની નિર્જરા થઈ એમ કહેવાય. આ રીતે



જીવના ભાવનો આરોપ કર્મમાં આવે છે. આત્માના ભાવ આત્મામાં છે અને કર્મની તે વખતની અવસ્થા તો કર્મમાં જ છે, તે આત્મપ્રદેશથી છૂટા પડવારૂપે જ છે; તે કર્મો આત્માને કાંઈ કરતાં નથી. એમ જાણી કર્મોની અને સંયોગની દૃષ્ટિ છોડી પોતાનું પોતાથી અનન્યપણું વિચારી, પોતાના આત્મસ્વરૂપમાં દૃષ્ટિ કરી એકાગ્ર થવું; એમ આ શ્લોકમાં કહ્યું છે. ૩૧.

## આત્મધ્યાનથી મુક્તિની પ્રાપ્તિ :

यैः परमात्माऽमितगतिवन्द्यः सर्वविविक्तो भृशमनवद्यः।
शश्वदधीतो मनसि लभन्ते, मुक्तिनिकेतं विभववरं ते॥३२॥

**અન્વયાર્થ** :–[अमितगतिवन्द्यः] (આ પુસ્તિકાના કર્તા) અમિતગતિ આચાર્ય દ્વારા, અથવા તો અપાર જ્ઞાનસંપન્ન ગણધરાદિ દ્વારા વંદિત [सर्वविविक्तः] સર્વથી ભિન્ન [भृशम् अनवद्यः] અત્યંત નિર્દોષ [परमात्मा] પરમાત્મા [यै] જે (ભવ્ય જીવો) દ્વારા [शाश्वत] નિરંતર [मनसि] એકાગ્રચિત્તે [अधीतः] ધ્યાવાય છે, [ते] તે જીવો [विभववरं] ઉત્કૃષ્ટ વૈભવી [मुक्तिनिकेतं] મુક્તિનિવાસને [लभन्ते] પામે છે.

## વિશેષાર્થ

**ત્રિકાળશુદ્ધ નિજાત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે. અને તેનું ફળ મુક્તિ છે,** એમ અહીં કહ્યું છે. પણ એ ખાસ ધ્યાન રાખવું કે પ્રથમ શુદ્ધાત્માનું સ્વરૂપ જાણ્યા વિના તેનું ધ્યાન થઈ શકે નહિ. માટે મોક્ષાર્થીઓએ પ્રથમ શુદ્ધાત્મસ્વરૂપ જાણવું ને પછી

શુદ્ધાત્માનું ધ્યાન કરવું. આત્માની ઓળખાણ વિનાનું ધ્યાન તો સસલાના શિંગના ધ્યાન કરવા સમાન મિથ્યા છે. કેટલાક જીવો આત્મસ્વરૂપ સમજ્યા વિના જે ધ્યાન કરે છે તે, ધર્મધ્યાન નથી પરંતુ તે તો મૂઢતાની વૃદ્ધિ કરનાર ધ્યાનાભાસ છે. માટે નિજ શુદ્ધાત્મસ્વરૂપ યથાર્થ સમજવા જીવે કટિબદ્ધ થવું યોગ્ય છે. ૩૨.

**અંતિમ મંગળ દ્વારા સામાયિકનું ફળ :**

इति द्वात्रिंशतैवृतैः परमात्मानमीक्षते।
योऽनन्यगतचेतस्को यात्यसौ पदमव्ययम्॥३३॥

**અન્વયાર્થ** :–[इति] આ પ્રમાણે [द्वात्रिंशतैवृतैः] બત્રીશ શ્લોકો [यः] જે [अनन्यगतचेतस्कः] એકાગ્રચિત્ત ચૈતન્ય(આત્મા) [परमात्मानम्] પરમાત્માને [ईक्षते] જુએ છે–અનુભવે છે. [असौ] તે [अव्ययम् पदम्] અવિનાશીપદ–મોક્ષ પ્રત્યે [याति] જાય છે.

## વિશેષાર્થ

આ શ્લોકો માત્ર મુખથી બોલી જવાના નથી, પરંતુ તેના અર્થ સમજી તેના ભાવનું ભાસન થવાની જરૂર છે. માટે તેના ભાવ સમજી પોતાના ત્રિકાલ શુદ્ધ અખંડ ચિદાનંદ પરમાત્મા-સ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન કરી, તેમાં જ લક્ષ કરી, સ્થિર થવું તે સામાયિકનું પ્રયોજન છે અને તેનું ફળ સિદ્ધિપદની પ્રાપ્તિ છે. ૩૩.

ઇતિ શુભમ્

❀ ❀ ❀